GSECL

GMDC
FUELING THE GROWTH

જૂન- ૨૦૨૬


અંક – ૧૦


સંપાદકીય બોર્ડ
- શ્રી એચ.જી. દવે
- શ્રી એસ.જે. મહેતા
- શ્રી એમ.એમ.ઠક્કર
- શ્રી પી.ટી.પઢેરીયા




# અરુણોદય










અનુક્રમણિકા


- ત્યાગ અને દાન વચ્ચે તફાવત
- धर्म की जय हो, अधर्म का नाश हो
- ગીતા જીવાય તો જીવન બદલાય
- મઠથી પહેલા માનવધર્મ
- દૃષ્ટિકોણ કેટલો મહત્વનો છે....
- શાળાની પ્રવૃત્તિઓ (જૂના વિદ્યાર્થીઓનો મેળાવડો)


ડિઝાઈનઃ– એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

સૌને સાદર વંદન ''અરૂણોદય'' જૂન - ૨૦૨૬, અંક-૭૦ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઈપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઈન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું. - તંત્રી



શાહીલ વી. ઠક્કર
પ્રાથમિક શિક્ષક

# ત્યાગ અને દાન વચ્ચે તફાવત

'ત્યાગ' એક એવો શબ્દ છે સૌને પોતીકો લાગે છે. બધાને એમ જ લાગે છે કે પોતે આ જીવનમાં બહુ જ ત્યાગ કર્યો છે. પણ ખરેખર ત્યાગ શું છે? એ સમજવાની જરૂર છે. સામાન્ય રીતે લોકો એમ સમજે છે કે પોતાની ગમતી વસ્તુ અન્યને આપી દીધી એ ત્યાગ છે.ના દર વખત એવું નથી હોતું.

ત્યાગ એટલે પોતાના સ્વાર્થ ,સુખ,સંપત્તિ અથવા આનંદ છોડીને બીજાના હિત માટે કઈક અર્પણ કરવું કે ત્યજી દેવું.

ત્યાગ એ ત્યજવાની તાકાત છે,ત્યાગ એ હૈયામાં પાડેલી રજવાડી ભાત છે, ત્યાગ દુશ્મનને આપેલી સૌથી કારમી માત છે. ત્યાગ જીવનને અજવાળે છે, ત્યાગ હૈયાની ક્યારીમાં ઉગેલો તુલસીનો ક્યારો છે.

વિદ્યાર્થી માટે ત્યાગ એટલે......

ઘણાં વિદ્યાર્થીઓ એવા હોય છે કે એક દિવસ માટે કોઈ વસ્તુને મૂકી દે એટલે એને ત્યાગ સમજે છે,જેમકે એક વિદ્યાર્થીએ એક દિવસ માટે મોબાઈલને મૂકી દીધું એટલે એ એવું સમજે કે મે મોબાઈલનો ત્યાગ કર્યો પરંતુ એવું નથી એને એક દિવસ માટે મોબાઈલ મૂકી દેવું નાનકડી શરૂઆત કહી શકાય ,પણ સાચો ત્યાગ નહીં..

વિદ્યાર્થી માટે ત્યાગ એટલે એવું કાર્ય કે જેમાં તે પોતાના સુખ, આરામ,મોજમસ્તી, આળસ અને સ્વાર્થને છોડીને અભ્યાસ, સંસ્કાર અને ભવિષ્યના હિત માટે પર્યત્ન કરે. વિદ્યાર્થીઓએ મોબાઈલમાં સમય વેડફવો,આરામ,આળસ, ખોટી સંગત કે આદતો વગેરેનો ત્યાગ કરવો જોઈએ.

ચાલો હવે આપણે ત્યાગ અને દાન વચ્ચે ફરક સમજીએ....

ઘણાં લોકો દાનને ત્યાગ સમજે છે પરંતુ ખરેખર એવું નથી, ત્યાગ અને દાન વચ્ચે જમીન આસમાનનો ફર્ક છે.

આપણી પાસે મણ હોય અને કણ ત્યાગી દઈએ એ કરતા બે કણ હોય અને એક કણ ત્યાગી દઈએ એનું મહત્ત્વ વધારે છે. કોઈ ધનવાન પાસે લખલૂંટ સંપત્તિ હોય, કરોડોનો વેપાર હોય,એની પાસે કેટલા રૂપિયા છે એને એની ખબર નથી અને એ માણસ દર અઠવાડિયે બે મણ અનાજનું દાન કરતો હોય એ વાત સારી છે.એને પુણ્ય મળે ખરું,પણ એની સામે કોઈ ગરીબ માણસ હોય જેની કોઠીમાં માંડ એક ટક ચાલે એટલું જ ભોજન પડ્યું હોય અને એમાંથી એ એક વાટકો ભરીને કોઈને દાનમાં આપી દે એનું મહત્વ વધારે છે.

ત્યાગમાં તાપ હોવો જોઈએ .દાન અને ત્યાગ એ બે વસ્તુ અલગ છે.

અહંકારનો ત્યાગ એ સૌથી મોટો ત્યાગ છે..........



# धर्म की जय हो, अधर्म का नाश हो

**Puneet Singh**
Overman,
Umarsar Lignite Project

सनातन धर्म सदियों से मानव सभ्यता को सत्य, करुणा और कर्तव्यनिष्ठा की दिशा में प्रेरित करता आया है। इसका संदेश केवल आध्यात्मिक साधना तक सीमित नहीं है, बल्कि जीवन के हर क्षेत्र - परिवार, समाज, शिक्षा, कार्यक्षेत्र और मानव - व्यवहार - पर समान रूप से लागू होता है। यह प्रार्थना - "धर्म की जय हो, अधर्म का नाश हो, प्राणियों में सद्भावना हो, विश्व का कल्याण हो" हमें याद दिलाती है कि जीवन का असली उद्देश्य केवल स्वयं की उन्नति नहीं, बल्कि पूरे समाज और विश्व की भलाई में योगदान देना है।

1. धर्म की जय हो- धर्म का सार: सद्गुण, सत्य और कर्तव्य

सनातन दृष्टिकोण में धर्म का अर्थ केवल पूजा-पाठ या धार्मिक अनुष्ठान नहीं है। धर्म वह मूल्य हैं जो व्यक्ति को श्रेष्ठ बनाते हैं - सत्य, ईमानदारी, संयम, कर्तव्य, विनम्रता और अनुशासन।

हमारे दैनिक जीवन में धर्म कैसे झलकता है?

- परिवार में: बुजुर्गों का सम्मान करना, बच्चों को संस्कार देना, परस्पर प्रेम बनाए रखना।
- समाज में: नियमों का पालन करना, सड़क पर अनुशासन रखना, सार्वजनिक संपत्ति की रक्षा करना।
- कार्यक्षेत्र में: ईमानदारी से काम करना, समय की पाबंदी, सहकर्मियों के प्रति सम्मान।
- शिक्षा में: विद्यार्थी का परिश्रम और शिक्षक का कर्तव्यनिष्ठ मार्गदर्शन - दोनों ही धर्म के रूप हैं।

धर्म रोज़ की छोटी-छोटी अच्छाइयों से अपने आप बढ़ता है। जब हम सही को चुनते हैं, तो समाज में धर्म की जय स्वाभाविक रूप से होती है।

2. अधर्म का नाश हो - बुराइयों को पहचानना और उनसे मुक्त होना

अधर्म का अर्थ केवल हिंसा या अन्याय जैसी बड़ी घटनाओं से नहीं है। हमारे जीवन में उपजे कई छोटे-छोटे दोष भी अधर्म के बीज बनते हैं - क्रोध, ईर्ष्या, छल, आलस्य, लालच, गैर-जिम्मेदारी, असंवेदनशीलता।

जीवन में अधर्म को कैसे दूर करें?

- व्यक्तिगत स्तर पर: अपने दोषों को स्वीकार कर सुधारने का प्रयास करना ही अधर्म का नाश है।
- परिवार में वातावरण: नकारात्मक बोलचाल कम कर सकारात्मक संचार बढ़ाना।
- समाज में: भ्रष्टाचार, अपशब्द, पक्षपात, अनुशासनहीनता के खिलाफ खड़ा होना।
- डिजिटल जीवन में: फर्जी खबरें न फैलाना, नफ़रत या कटुता से भरी पोस्ट शेअर न करना।

अधर्म केवल बाहरी नहीं, आत्म-सुधारसे शुरू होता है। जब व्यक्ति स्वयं बेहतर बनता है, तो पूरा समाज बेहतर बनता है।

3. प्राणियों में सद्भावना हो - करुणा, सह-अस्तित्व और सहिष्णुता

सनातन धर्म का मूल संदेश है - *सर्वे भवन्तु सुखिनः*, अर्थात सभी सुखी हों। यह करुणा केवल मनुष्यों तक सीमित नहीं रहती; हर जीव के प्रति सम्मान इसका हिस्सा है।

दैनिक जीवन में सद्भावना के उदाहरण

- मानव-मानव संबंधों में:
    - किसी की परिस्थिति को समझना,
    - मतभेद के बावजूद सम्मान बनाए रखना,
    - आर्थिक, सामाजिक या सांस्कृतिक भिन्नताओं को स्वीकार करना।
- जीव-जन्तुओं के प्रति:
    - पशु-पक्षियों की रक्षा,
    - जरूरत पड़ने पर मदद करना,
    - प्रकृति को नुकसान न पहुँचाना।
- परिवार और समाज में:
    - संवाद बढ़ाना,
    - क्रोध और कड़वाहट को कम करना,
    - सहयोग और सहानुभूति की आदत विकसित करना।

सद्भावना समाज को सौहार्द, शांति और भाईचारे के मार्ग पर ले जाती है।

4. विश्व का कल्याण हो - व्यक्ति से विश्व तक सकारात्मक परिवर्तन

सनातन संस्कृति की सबसे बड़ी शक्ति है - इसकी *वैश्विक दृष्टि*। "विश्व का कल्याण हो" का अर्थ है कि हम अपनी सोच को घर और समाज से आगे बढ़ाकर पूरी मानवता तक ले जाएँ।

विश्व-कल्याण की ओर छोटे लेकिन प्रभावशाली कदम

- पर्यावरणसंरक्षण:

  पानी बचाना, प्रदूषण कम करना, पौधे लगाना, प्लास्टिक का उपयोग घटाना।
- सामाजिकजिम्मेदारी:

  दान, रक्तदान, स्वच्छता अभियान, जरूरतमंदों की सहायता।
- सकारात्मकताफैलाना:

  प्रेरक व्यवहार, शांतिपूर्ण दृष्टिकोण, विवादों का समाधान संवाद से करना।
- सांस्कृतिकसौहार्द:

  विभिन्न विचारों, धार्मिक मान्यताओं और परंपराओं का सम्मान करना।

जब हर व्यक्ति अपने स्तर पर जिम्मेदारी निभाता है, तभी विश्व का कल्याण संभव होता है।

उपसंहार

यह प्रार्थना केवल शब्द नहीं है; यह एकजीवन-दर्शनहै - कल्याण के लिए सोचना। आज के समय में, जब जीवन तेज़ी से बदल रहा है और रिश्तों में दूरी बढ़ रही है, यह संदेश पहले से अधिक प्रासंगिक है।

यदि प्रत्येक व्यक्ति - शिक्षक, विद्यार्थी, अभिभावक, समाज के नागरिक - इन सिद्धांतों को अपने दैनिक जीवन में उतार ले, तो हमारा परिवार, समाज और विश्व अधिक शांत, सुखी और समृद्ध बन सकता है।

इसी भावना के साथ हम सब मिलकर संकल्प लें - "धर्म की जय हो, अधर्म का नाश हो, प्राणियों में सद्भावना हो, विश्व का कल्याण हो।"

# ગીતા જીવાય તો જીવન બદલાય



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

જગતમાં વિવિધ દુઃખોથી ઘેરાયેલા માનવને આશા આપતી અને હજારો ભેદોથી ભાંગી ગયેલા વિશ્વને બંધુત્વની ભાષા આપતી એક્મેવ મા એટલે ગીતા. જેનો જન્મદિન ગીતાજ્યંતિ તરીકે ઊજવાય છે.

આજથી પાંચ હજાર વર્ષ પહેલા માગસર  સુદ એકાદશીના મંગલ પ્રભાતે કુરુક્ષેત્રની રણભૂમિ પર યોગેશ્વર શ્રી કૃષ્ણના મુખારવિંદ માંથી નીકળેલું માધુર્ય એટલે ગીતા. સમગ્ર વિશ્વમાં એક માત્ર ગીતાનો જન્મદિન ઊજવાય છે. જે ગીતાની આગવી વિશેષતા ગણી શકાય. ભગવાન એ ગાયેલી ગીતાનું તત્વજ્ઞાન ત્રિકાલા બાધીત છે.

ગીતા જ્યારે કહેવાઇ ત્યારે સામે અર્જુન હતો પણ ભગવાનની નજર સામે આવનારી સદીઓ સુધીનો માનવ હતો , કારણ ભગવાને ગીતા માનવ માત્ર માટે કહી છે.

આજના ઝડપી અને IT ના યુગમાં માનવ કહે છે કે અમે સુધર્યા છીએ પણ શું માનવ બદલાયો છે ખરો ?. સારા કપડાં પહેરવા લાગ્યો એટલે શું તે સુધરી ગયો ? વાસ્તવમાં શારીરિક અને માનસિક તંદુરસ્તી ખોઇ બેઠો છે. કોઇ કહે છે કે વિજ્ઞાન માનવને સુધારશે પણ વિજ્ઞાનને વાપરવાની અક્કલ ક્યાંથી આવશે ? વિજ્ઞાન સુખ સુવિધાના સાધન ઊભા  કરી આપે પણ માનવને જીવન જીવવાનું ક્યાંથી આવડશે ? વિજ્ઞાનની પાંખને ગીતાની આંખ નહિ મળે તો માનવતા ખાડામાં જ જશે.

ગીતા માત્ર ગોખલામાં રાખવા માટે કે કોર્ટમાં ફક્ત સોગંદ લેવા માટે નથી પરંતુ જીવનનું ઊપયોગી તત્વજ્ઞાન છે. ગીતાએ સૌથી સામર્થ્યવાન વિચાર આપ્યો કે 'ભગવાન મારી સાથે છે.' સૃષ્ટિનો ચાલક મારી અંદર આવીને વસ્યો હોય તો પછી હું દૂબળો કે લાચાર શાનો ? ગીતામાં આવા એક નહિ હજારો આશ્વાસનો છે. ' ગીતા કેવળ ગ્રંથ નથી છે જીવનનો ધબકાર.'

શું ગીતા ઘડપણમાં ઉપાડવાનો ગ્રંથ છે ? ગીતા જ્યારે કહેવાઇ ત્યારે અર્જુન યુવાન જ હતો. પ્રત્યેક માનવ ગીતાના અધિકારી છે. કર્મયોગીને ગીતા કહે છે. કર્મ કરવું એ જ તારો અધિકાર છે. તુ ફળની ચિંતા કર નહિં.

જ્ઞાનીઓને ગીતા કહે છે કે તમે માત્ર વાદવિવાદ નહિ સંવાદ કરો. ગીતાની દૃષ્ટિએ વિધાર્થી શિક્ષક પરાયણ, શિક્ષક વિધાર્થી પરાયણ, બંને જ્ઞાન પરાયણ , જ્ઞાન સેવા પરાયણ અને એવા પ્રભુ પરાયણ હોવી જોઇએ.

ગીતા જયંતિ ખરા અર્થમાં ઊજવી ત્યારે જ કહેવાય કે જ્યારે આપણું જીવન જ ગીતા ઉપરનું જીવંત ભાષ્ય બને. ગીતા માતાનો પવિત્ર સંદેશ આપણા જીવનમાં ઝીલીને આપણે સાચા અર્થમાં ધનુર્ધર પાર્થ બનવાનો સંકલ્પ કરીએ.

જય શ્રી કૃષ્ણ



# મઠથી પહેલા માનવધર્મ

પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

માનવજીવન ઉન્નત જીવન ગણવામાં આવે છે. એમાંય વળી માનવ ધર્મ ખરી રીતે બજાવે તે જ માનવી માનવ ગણાવાને લાયક કહેવાય. મનુષ્ય જીવનમાં જ ધર્મને સારી રીતે સમજી શકાય કારણકે મન અને બુધ્ધિ જેવા શ્રેષ્ઠ અલંકાર પ્રભુએ માનવને આપેલા છે. યોગ્ય સમયે બજાવેલા માનવ ધર્મની જ કિંમત છે. સમય બડા બલવાન. વીતી ગયેલ પળ પછી માનવ ધર્મનો કોઇ અર્થ રહેતો નથી.

સ્વામી વિવેકાનંદ વિશ્વ ધર્મ સંમેલનમાં થી ધર્મ પ્રચાર કરીને પાછા ફર્યા તો તેમને ઈચ્છા થઇ કે પોતાના ગુરૂદેવની સ્મૃતિને અખંડ રાખવા બેલુરમાં રામકૃષ્ણ મઠની સ્થાપના કરવામાં આવે તે હેતુ માટે તે ધન એકઠું કરવા લાગ્યા. મઠ માટે જમીન ખરીદી લીધી હતી. એ સમય દરમ્યાન તેમને ખબર પડી કે કલકતામાં પ્લેગ જેવી મહામારી ફેલાઇ ગઇ છે. સ્વામીજીએ મઠ નિર્માણની યોજના સ્થગિત કરી દીધી અને દાનની બધી રકમ લઇ પ્લેગના રોગીઓની સેવામાં પોતે લાગી ગયા.

એક સાધકે તેમને મઠ નિર્માણ અંગે પૂછયું તો તેમણે જવાબ આપ્યો, “મઠ તો ફરી બની જશે પરંતુ રોગચાળાને કારણે જે જાનહાની થશે તેની ભરપાઇ કોઇ કિંમત પર નહિ થાય. તેથી મારા માટે પ્રાથમિકતા પ્લેગના રોગીઓ છે. મારા માટે માનવધર્મ સર્વોપરી છે.

આપણે મંદિર અને મસ્જિદ બનાવીને ધર્મ કાર્ય કરતા રહીએ અને સમાજ રૂપી મંદિરના દુ:ખી, ગરીબ અને રોગી જેવા ભગવાન રોગ અને ભૂખથી તડપતા રહેતો આવો ધર્મ અધર્મમાં ફેરવાઇ જાય છે. ગરીબ અને અસહાયની સેવાઓથી ભગવાન પોતે પ્રસન્ન થઇ જાય છે. તેના માટે દેવાલય બનાવવાની જરૂર નથી.ખરા સમયે બજાવેલો માનવધર્મ જ માનવની સાચી મૂડી છે.

# દૃષ્ટિકોણ કેટલો મહત્વનો છે....



ડી.આર. દરજી
પ્રાથમિક શિક્ષક

ગણિત તો સમજી લો. એક મજેદાર ગણિત જુઓ, ઉકેલો અથવા છોડો પણ આનંદ જરૂર માણો.

ચાલો આપણે માનીએ કે...

A, B, C, D, E, F, G, H, I, J, K, L, M, N, O, P, Q, R, S, T, U, V, W, X, Y, Z =

ક્રમશઃ 1, 2, 3, 4, 5, 6, 7, 8, 9, 10, 11, 12, 13, 14, 15, 16, 17, 18, 19, 20, 21, 22, 23, 24, 25, 26.

અર્થાત A=1, B=2, C=3 એમ.

હવે જુઓ માનવજીવનના કયા ગુણને સંપૂર્ણ 100 ગુણ મળે છે...

અમે એવું માનીએ છીએ કે જીવનમાં "કઠિન મહેનત / HARDWORK" કરવાથી જ સફળતા મળે છે.

ચાલો "HARDWORK" ના ગુણો તપાસીએ:

H+A+R+D+W+O+R+K = 8+1+18+4+23+15+18+11 = 98%

પણ સંપૂર્ણ નહીં.

બીજું મહત્વપૂર્ણ ગુણ છે "જ્ઞાન" અથવા 'Knowledge'.

ચાલો હવે તેનું મૂલ્યાંકન જોઈએ:

K+N+O+W+L+E+D+G+E = 11+14+15+23+12+5+4+7+5 = 96%

કેટલાક લોકો કહે છે કે "નસીબ"/LUCK જ જરૂરી છે.

L+U+C+K = 12+21+3+11 = 47%

અર્થાત નસીબ કાંઠે પાસ.

કેટલાક લોકોને લાગે છે કે "પૈસા"/MONEY સૌથી મહત્વપૂર્ણ છે.

M+O+N+E+Y = 13+15+14+5+25 = 72%

અર્થાત પૈસાથી પણ સંપૂર્ણ સફળતા મળતી નથી.

ઘણાં લોકો માને છે કે "લીડરશિપ/LEADERSHIP" છે જે સફળ જીવન આપે છે.

L+E+A+D+E+R+S+H+I+P = 12+5+1+4+5+18+19+8+9+16 = 97%

અહીં પણ 100% નથી.

હવે પ્રશ્ન એ છે કે કયું ગુણ છે જે 100% સુખી, સંતોષી અને સફળ બનાવી શકે?

તમે અંદાજ લગાવી શકો? નહીં?

મિત્રો, એ ગુણ છે "દૃષ્ટિકોણ / ATTITUDE".

ચાલો તેનું મૂલ્યાંકન કરીએ:

A+T+T+I+T+U+D+E = 1+20+20+9+20+21+4+5 = 100%

જુઓ, જીવનની દરેક સમસ્યાનો સરળ ઉકેલ છે

— તમારો દૃષ્ટિકોણ.

જો દૃષ્ટિકોણ સકારાત્મક હશે તો જીવન 100% સફળ અને આનંદમય બની જશે.

"દૃષ્ટિકોણ બદલો, જીવન બદલાશે." ..




નિમંત્રણ
“ગુરુ-શિષ્ય મિલન - સ્મૃતિપર્વ”
શ્રી એસ.કે.વી. વિદ્યાલય
કાર્યક્રમની રૂપરેખા
એક બીજા સાથે મુલાકાત
રજીસ્ટ્રેશન
રમત ગમત
પૂર્વ વિદ્યાર્થીઓ માટે એક તક
સાંસ્કૃતિક કાર્યક્રમ
મહાસભા
ઝુમ્બા ડાન્સ
:: નિમંત્રક ::
આચાર્યશ્રી તથા સમસ્ત શાળા પરિવાર










ReUNION
2026




















WELCOMES YOU




DJ

# મહાસભા




Maheshpanthi studio
9909929120
WELCOMES YOU
શ્રી શ્યામજી કૃષ્ણવર્મા વિદ્યાલય
એસ.કે.વી. નગર , તા. લખપત(કચ્છ)
આપનું હાર્દિક સ્વાગત કરે છે